જેને ક્યારેય કોઇ જાતનો ડર ન હોય તે જ આત્મા પરમાત્મા
- કાકા કાલેલકર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૫૪ | ૧૩ ઓગષ્ટ ૨૦૧૨, સોમવાર, શ્રાવણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સાર્વત્રિક વરસાદથી સૌને હૈયે હરખની હેલી





**કાચા સોના જેવા વરસાદે ખેડૂતોના આનંદમાં વધારો કર્યો; દિવેલાના વાવેતર માટે સારૂ વાતાવરણ બન્યું; શાકભાજી અને કપાસના પાકને મોટું જીવતદાન; વાતાવરણમાં ભારે બદલાવ; વીજ માંગમાં નજીવો ઘટાડો**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને લઈ ખેડૂતથી લઈ સૌના દિલમાં આનંદની હેલી ચડી છે. ગઈ રાતથી શરૂ થયેલો વરસાદ સમગ્ર જિલ્લામાં ૧ ઈંચથી લઈ ચાર ઈંચ સુધીનો નોંધાતાં પાણી-ઘાસચારો તેમજ કૃષિક્ષેત્રે ઘણી મોટી રાહત થવા પામી છે. જિલ્લાના ખેડૂત તેમજ ધીમીધાર અને ક્યારેક ભારે ઝાપટાની જેમ પડયો હોવાને કારણે જમીનમાં ભેજમાં ભારે વધારો થયો છે અને દિવેલાના વાવેતર માટેનું સાનુકૂળ વાતાવરણ બનવા પામ્યું છે.

જમીનમાં ભેજનું તત્વ વધતાં તેમજ ઉપરથી વરસાદ થતાં કપાસના પાકમાંથી મિલીબગના નામના રોગનો પણ નાશ થવા પામ્યો છે અને કપાસ





આગેવાનોએ આ વરસાદને કાચા સોના સાથે સરખાવી આગામી દિવસોમાં દિવેલાનું સારૂ વાવેતર થશે તેવા સંકેત પણ આપ્યા છે.

પશ્ચિમ મધ્યપ્રદેશ અને કર્ણાટકમાં ઉભી થયેલી લૉ પ્રેશર સિસ્ટમને પગલે ગઈ કાલ રાતથી જિલ્લામાં સાર્વત્રિક વરસાદના અહેવાલો મળ્યા છે. આ વરસાદ તોફાની વરસાદ ન હોવાને કારણે તેમજ શાકભાજી અને અન્ય પાકોને નવું જીવતદાન પણ મળવા પામ્યું હોવાનું ખેડૂતોનું માનવું છે.

વરસાદ સાર્વત્રિક થતાં ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પણ પાણીની નવી આવક થતાં પાણીના સ્તર રિચાર્જ થવા પામ્યા છે. જિલ્લામાં વરસાદ દરમિયાન કોઈ જ અનિચ્છનીય ઘટના ન બની હોવાનું કંટ્રોલ રૂમના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને કારણે ઘાસચારાનું વાવેતર પણ સારું થશે એટલું જ નહિ આફ્રિકન મકાઈ સહિત ઘણું બધું નવું વાવેતર થશે.

જિલ્લામાંથી મળતા અહેવાલો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ સાંજે છ વાગ્યા સુધીમાં નોંધાયો હતો. દહેગામ તાલુકામાં પણ આટલો જ વરસાદ અર્થાત ૮૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો જયારે માણસા અને કલોલ તાલુકામાં અનુક્રમે દોઢ થી સવા ઈંચ જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને પગલે આગામી દિવસોમાં દિવેલાના વાવેતર વિસ્તારમાં સારો એવો વધારો થશે. દિવેલાના વાવેતર માટે પુરતા પ્રમાણમાં બિયારણનો જથ્થો ઉપલબ્ધ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

સાર્વત્રિક વરસાદને પગલે જિલ્લામાં ઘાસચારાના ઉગાવામાં પણ સારી એવી વૃદ્ધિ નોંધાશે તેમ તંત્રના અધિકારીઓનું માનવું છે.

જિલ્લામાં હવે ત્રણ તાલુકામાંથી અછતનું સંકટ દૂર થવા પામ્યું છે. દહેગામ, માણસા અને ગાંધીનગર તાલુકામાં છ ઈંચ કરતા પણ વધુ વરસાદ નોંધાયો છે. વસાદને પગલે પીવાના પાણીની સમસ્યા પણ હળવી બનશે. જમીનમાં પાણી ઉતર્યુ છે તેમજ ભેજ વધતાં પાકના ઉગાવાને ફાયદો થશે.

દરમિયાન હવામાન ખાતાના

● અનુસંધાન પાન-૭ પર

## આગાહીઓ વિના અચાનક ખાબકેલા વરસાદે મોજ કરાવી

ગાંધીનગર, તા.૧૨

હવામાન વિભાગની કે કઈ નિષ્ણાંતોની તમામ આગાહીઓને ખોટી પાડવા જ બેઠેલા મેઘરાજાએ અચાનક જ એન્ટ્રી મારી સૌને આનંદ મિશ્રિત આંચકો આપ્યો હતો. કોઈ પણ પ્રકારની આગાહીઓ ન હતી ત્યારે શનિવારની રાત્રે ધમાકેદાર સ્વરૂપમાં આવી પહોંચેલા મેઘરાજાએ તમામ ફરિયાદોનો એક જ ઝાટકે અંત લાવી દીધો હતો. વાતાવરણમાં ઠંડક થઈ જતાં શહેરીજનોને ખુબ રાહત થઈ છે. વરસાદ પડવાના પુરે પુરા સંજોગો હોય, વાદળો બંધાયા હોય અને આગાહીઓ હોય ત્યારે વરસાદે ખો આપ્યો છે. આજે વરસાદ પડશે, આગામી અઠવાડિયે ધોધમાર વસાદ પડશે, અપર એર સાયકલોનિક સિસ્ટમ સર્જાતા હવે વરસાદ ઢુંકડો છે તેવી અનેક આગાહીઓ હવામાન વિભાગે અને નિષ્ણાંતોએ અનેકવાર કરી હતી. પરંતુ કોઈના કહ્યામાં ન હોય તેવા હઠીલા બાળકની જેમ મેઘરાજા વરસતા જ ન હતા તો રવિવારે વરસાદ પડશે તેવી કોઈ આગાહીઓ ન હતી. છેલ્લા બે દિવસથી તડકો પડી રહ્યો હતો ત્યારે અચાનક વરસાદ વરસ્યો હતો. વિજળીના કડાકા કે પવનના સુસવાટા વિના એકદમ બિલ્લી પગે વસાહતીઓને સરપ્રાઈઝ આપવા માંગતો હોય તેમ શનિવારે રાત્રે વરસાદ ત્રાટકયો હતો. ફરી પાછું હવામાન ખાતું આ બાબતમાં નિષ્ફળ નીવડયું હતું.

## શહેરમાં હીલ સ્ટેશન જેવા વાતાવરણનું નિર્માણ

ગાંધીનગર, તા.૧૨

અત્યાર સુધી વરસાદ માટે તરસી રહેલા શહેરમાં ઓગષ્ટ માસના બીજા રવિવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ મોસમમાં પહેલીવાર આટલો સારો ધોધમાર વરસાદ વરસતા શહેર જાણે કે એક હીલ સ્ટેશનમાં ફેરવાઈ ગયું હતું. દિવસો સુધી ગરમી અને બફારાથી અકળાઈ ઉઠેલા વસાહતીઓ આવો વરસાદ માણી એકદમ આનંદિત થઈ ઉઠયા છે. આજે રવિવાર હોવાથી સુંદર વરસાદી માહોલનો આનંદ માણવા ઘણાં વસાહતીઓ સપરિવાર ફરવા ઉપડી ગયા હતા. અમદાવાદ-ગાંધીનગરના મુખ્ય માર્ગ પર ઉભા રહી વસાહતીઓએ શેકેલી ગરમાગરમ મકાઈનો સ્વાદ માણ્યો હતો તો કેટલાકે ઘરમાં જ રહી ચા-ભજીયાની જયાફત ઉડાવી વરસાદની સાથે રવિવારની રજાનો આનંદ માણ્યો હતો. ઘણી પ્રતિક્ષા કરાવ્યા બાદ ધોધમાર વરસાદ પડયો હોવાથી તેનું સ્વાગત પણ મોંઘેરા મહેમાન જેવું થયું હતું. સારો એવો વરસાદ પડી જતાં ઠંડક છવાઈ ગઈ હતી.

**દિવસો સુધી ગરમી અને બફારાથી અકળાઈ ઉઠેલા વસાહતીઓ આવો વરસાદ માણી એકદમ આનંદિત થઈ ઉઠયા**

# ગાંધીનગરના ત્રણ તાલુકામાં અછતનું સંકટ ટળ્યું

**ગાંધીનગર, દહેગામ અને માણસા તાલુકામાં ૧૫૦ મિ.મિ. થી વધુ વરસાદ થતાં અછતનું સંકટ દૂર થયું**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ત્રણ તાલુકામાં ૧૫૦ મી.મી. કરતાં વધુ વરસાદ થતાં ગાંધીનગર, દહેગામ અને માણસા તાલુકો અછતગ્રસ્ત વિસ્તારોમાંથી બાદ થયા છે. જો કે કલોલ તાલુકામાં હજુ ચાર ઈંચ જેટલો જ વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે મધરાત પછી શરૂ થયેલા વરસાદને પગલે જિલ્લાના ત્રણ તાલુકામાંથી અછતનું સંકટ દૂર થતાં તંત્રએ રાહતનો દમ લીધો છે અને હવામાન ખાતાની આગાહી પ્રમાણે આગામી ૪૮ કલાકમાં ભારે થી હળવો વરસાદ થવાની જે સંભાવના કરી છે તે જોતાં કલોલ તાલુકો પણ બહાર નીકળી જશે તેવો વિશ્વાસ સૌને છે.

ગાંધીનગર જિલ્લાની રચના થયા પછી પ્રથમવાર જિલ્લાના ચારેય તાલુકાઓને સરકારે અછતગ્રસ્ત વિસ્તાર તરીકે ઘોષિત કર્યા હતા. રાજ્યમાં સળંગ ત્રણ દુષ્કાળ વખતે સૌરાષ્ટ્રને પાણી પુરૂ પાડનાર ગાંધીનગર જિલ્લામાં અછતના સંકટને લઈ તંત્ર પણ મૂંઝવણમાં મુકાઈ ગયું હતું.

વહીવટીતંત્ર દ્વારા પ્રથમવાર જિલ્લાનો કન્ટીજન્સી પ્લાન બનાવવામાં આવ્યો હતો એટલુ જ નહિ તંત્ર દ્વારા ક્રાઈસીસ મેનેજમેન્ટ ગ્રુપની પણ ઉચ્ચસ્તરીય રચના કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલ મધરાતથી શરૂ થયેલા મેઘરાજાની મહેરને પગલે જિલ્લાના ત્રણ તાલુકામાં છ ઈંચ કરતાં વધુ વરસાદ આ જ સુધીમાં થઈ ચુક્યો છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૨૨૬, માણસામાં ૨૨૭, દહેગામમાં ૧૯૭ અને કલોલમાં ૯૮ મી.મી. વરસાદ નોંધાયો છે.





## ચિલોડા વિસ્તારમાં ધીમીધારે ઝરમર વરસાદની પધરામણી : પાકોને જીવતદાનથી ખેડૂતોમાં ખુશી

ચિલોડા, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ચિલોડા પંથકમાં ચોમાસાના દિવસો વીત્યા બાદ વરસાદના રીસામણાંથી ખેડૂતઆલમમાં ભારે ચિંતા સતાવતી હતી. અષાઢ-શ્રાવણ માસના પર્વની ધૂમધામથી ઉલ્લાસભેર ઉજવણી થઈ. પણ રિસાયેલા મેઘરાજા વરસવાનું નામ ન દેતાં રામધૂન-પર્જન્યયજ્ઞ, ભજન કીર્તનો, મહેલિયો મેઘરાજાની ઉજવણીના કાર્યક્રમો યોજાયા હતા. પણ અંતે રિસાયેલા મેઘરાજાની પહેલી ઈનીંગમાં ધીમીધારે વરસતાં આનંદીત ખેડૂતોમાં કુદરત પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત થઈ રહી છે. ખેડૂતોની મીટ માત્ર આકાશ તરફ મંડાઈ હતી. આકાશી કાળા ડીબાંગ વાદળો વરસે તેવા એંધાણોમાં સુકાતો મોલ, ઘાસચારોની અછત, પાણીની ખેંચ, મોંઘાદાટ બિયારણો, ખાતરો-દવાઓ, અસહ્ય મોંઘવારીના દુઃખના ડુંગરોમાં પીછાતો કુદરતી આફતો સામે બાથ ભીડતો જગતનો તાત, મુંગા મોંએ સહન કરતો. આજીવિકામાં એક સાંધે તેર તૂટેની સ્થિતિમાં દોઢ માસથી વરસાદની રાહ જોતો ખેડૂતોમાં એકાદ વરસાદી ઝાપટુ વરસે તો અપાર આનંદનો રાહત અનુભવતો કિસાન અને પશુપાલન વર્ગમાં આજે ચિલોડા પંથકમાં સુકાતા મોલમાં ઝરરમર ઝરમર ધીમી ધારે વરસતો વરસાદે આકાશમાંથી કાચુ સોનુ સમાન પાકોમાં જીવતદાન અને રાહત આપતાં ખુશીથી લહેર પ્રસરવા પામી હતી. આ વર્ષે દુષ્કાળમાં અધિક માસમાં વીતેલા સમય બાદ હજુ પાછોતર વરસાદના સંજોગો કદાચ વરસે તો નદી-નાળાં-તળાવો-ખેતરો છલકાય તેવી મહત્વાકાંક્ષા ખેડૂતઆલમમાં વર્તાઈ રહી છે. કદાચ ભાદરવો વરસે તો મોમાં આવેલો કોળિયો ઝુંટવાઈ જાય પણ રવિપાકમાં ફાયદો થાય તેમજ સુકા દુષ્કાળની સ્થિતિ કરતાં લીલા દુષ્કાળનો સમય વધુ સારો તેવા અનુભવો પરથી ખેડૂતો મનમતાંતરો કરી રહ્યા છે. આમછતાં હાલમાં શ્રાવણના અંતમાં દિવેલા ખેતીનું વાવેતર માટે અનુરૂપ વરસાદના સંજોગો સર્જાતા ખેડૂતો બિયારણ તેમજ ખેતરો ખેડ કરી સજ્જ બની થનગની રહ્યા છે. ગ્રામ્ય તળાવમાં પાણીનો આવરો આવતાં તળાવો પાણીથી છલકાય તેવા સંકેતો સાંપડી રહ્યા છે.

**સમગ્ર વિસ્તારમાં મેઘરાજાના આગમનની ઉજાણીના કાર્યક્રમો યોજાયા**



## મહેસાણા, પાટણ, બનાસકાંઠા જિલ્લામાં વરસાદના ઝાપટા

**કચ્છને બાદ કરતા સમગ્ર રાજ્યમાં વરસાદ : તાપી, ભરૂચમાં એક-દોઢ ઇંચ, વડોદરા જિલ્લામાં એક-ચાર ઇંચ**

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ સહીત રાજ્યાના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડતાં ખેડુતો સહીત નાગરીકોમાં ખુશાલી વ્યાપી ગઈ છે. કચ્છને બાદ કરતાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, અને દક્ષિણ ગુજરાતમાં ગઈરાતથી ધીમી ધારે મેઘરાજાની પધરામણી થઈ છે. જેમાં મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં વરસાદના ઝાપટાથી લઈને દોઢ ઈંચ તાપી અને ભરૂચ જિલ્લામાં એક-દોઢ ઈંચ તથા વડોદરા જિલ્લામાં એકથી ચાર ઈંચ વરસાદ પડ્યો છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ૧૨ કલાક સુધી રાજ્ય, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના મધ્યમથી ભારે ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૨૬.૩ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૩.૭ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૯૫ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૯૫ ટકા નોંધાયુ હતું. મધ્યપ્રદેશના ઉત્તર-પુર્વીમાં સર્જાયેલા અપર એર સર્ક્યુલેશનની અસરોને પગલે ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં સારો વરસાદ થયો છે. આજે દિવસ દરમિયાન સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં ૨૩ મીમી, હિંમતનગર ૨૮ મીમી, તલોદ ૩૮ મીમી, વડાલી ૯ મીમી, ખેડબ્રહ્મા ૧૬ મીમી, ભિલોડા ૪૪ મીમી, પ્રાંતેજ ૫૩ મીમી, મોડાસા ૫૬ મીમી, માલપુર ૪૨ મીમી, ધનસુરા ૭૦ મીમી, મેધરજ ૬૮ મીમી, બાયડ ૪૯ મીમી વરસાદ નોંધાયો હતો.

## રાજ્યમાં આગામી ૨૪ કલાક દરમ્યાન ભારે વરસાદની આગાહી

**છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મેઘાની મહેર**

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં આગામી ૨૪ કલાક દરમ્યાન ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં મેઘરાજાની પધરામણી થવા પામી છે.

રાજ્યના પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ લાંબા સમયના વિરામ બાદ રાજ્યના કેટલાક વિસ્તારોમાં મેઘરાજાએ પધરામણી કરી છે. પાટનગર ગાંધીનગરમાં તો ગત મોડી રાત્રીથી શરૂ થયેલ મેઘાની સવારી આજે દિવસભર ચાલુ રહેતા ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો.

દક્ષિણ અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મેઘારાજાએ મન મુકીને પધરામણી કરતાં એક થી બે ઈંચ જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે આજે દિવસ દરમ્યાન પણ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં છુટોછવાયો ધીમીધારે વરસાદ ચાલુ રહેવા પામ્યો હતો.

રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ થતાં તેમજ ઉપરવાસમાં થયેલા સારા વરસાદને કારણે પાણીનો આવરો આવતાં દક્ષિણ ગુજરાતમાં આવેલ ઉકાઈ ડેમમાં જળ સપાટી વધતા ડેમના કેટલાક દરવાજા ખોલવામાં આવ્યા હતા. આ ઉપરાંત કડાણા અને પાનમ બંધમાં પણ પાણીની આવક થતાં જળસપાટી વધવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ અરબી સમુદ્રમાં ઉભા થયેલા હળવા દબાણને કારણે હવામાનમાં પલટો આવવા પામ્યો છે. અને આગામી ૨૪ કલાક દરમ્યાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.